ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૬ ડીગ્રી
લઘુતમ : ૧૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૨૩ ટકા

# ગાંધીનગર જિલ્લામાં સુજલામૂ સુફલામ જળ અભિયાનનો આરંભ








ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં આજથી સુજલામ સુફલામ જળ અભિયાન- ૨૦૧૯ નો આરંભ કલોલ તાલુકાના પાનસર ગામથી થયો હતો. જળ અભિયાનનો આરંભ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન દવેના હસ્તે પાનસર ગામના તળાવની જમીનનું પૂજન અને ત્રિકમથી ખોદકામ કરીને કરાવવામાં આવ્યો હતો.

પડકાર અને અહિંસા બન્ને એક સાથે મારી સામે આવશે, તો હું પડકારને પસંદ કરીશ તેવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વાક્યને યાદ કરીને યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન દવેએ જણાવ્યું હતું કે, રાજયની પાણીની સમસ્યાએ સરકાર માટે પડકાર રૂપ છે. તેને દૂર કરવા અને પાણીની સંગ્રહ શક્તિમાં વધારો કરવા માટે મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારે રાજયમાં સુજલામ સુફલામ જળ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન થકી તળાવો ઉંડા કરવા, ચેકડેમ ડી- સીલ્ટીંગ, આવરા જાવરા સાફ સફાઈ અને પીવાના પાણીની લાઈનોના એરવાલ્વનું ફીટીંગ જેવા વિવિધ કામો કરવામાં આવી રહ્યાં છે. આ અભિયાન થકી ગુજરાતની પાણી સંગ્રહ કરવાની શક્તિમાં વધારો થયો છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, આજથી જિલ્લામાં આરંભ થયેલા આ અભિયાનમાં સરકારનું પ્રદાન ૬૦ ટકા રહેશે. તેમજ ૪૦ ટકા લોકભાગીદારીનું પ્રદાન રહેશે. તેમજ સરકારે માટી પરની રોયલ્ટી દૂર કરી છે. આ માટીનો ઉપયોગ પાળાબંધ, શાળા કે ગામના મેદાનમાં કે અન્ય જગ્યાએ કરવામાં આવશે. ગત વર્ષે આ અભિયાન થકી ૨૫૭ કાર્યો કરવામાં આવ્યા હતા. આ વર્ષે ૨૧૯ જેટલા કામો નક્કી કરવામાં આવ્યા છે, તેની પાછળ અંદાજે રૂપિયા ૪ કરોડનો ખર્ચે કરવામાં આવશે. જળસંચયના આ કામોની સંખ્યા જરૂર વધશે. તેમજ ગત વર્ષના અધુરા કામો પણ આ વર્ષે પુર્ણ કરવામાં આવશે.

આ પ્રસંગે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન દવે અને મહાનુભાવોના હસ્તે વાસ્મો દ્વારા નિર્માણ કરવામાં આવેલી ઉંચી ટાંકી અને આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે કર્યુ હતું.

આ સમારંભમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી જયેશભાઈ ચૌધરી, પાનસર ગામના સરપંચ શ્રી નર્મદાબેન, ગાંધીનગર મહાનગરપાલિકાના કાર્યવાહક મેયર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર શ્રી ડાં રતનકંવર ગઢવીચારણ, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી નેહાકુમારી સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૯, રવિવારના રોજ ડો. બાબાસાહેબ આંબેડકર હોલ, સેક્ટર ૧૨ ખાતે તુરી-બારોટ સમાજના કવિ/કવયિત્રીઓની પ્રતિભા બહાર લાવવા 'કવિપણું - એક મુશાયરો' નું આયોજન વિશાલ જાદવ - 'વિશ્રુત' દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે માધવ રામાનુજ, ડો. જયેન્દ્ર શેખડીવાલા, આર એમ જાદવ (આઈએએસ) તેમજ પ્રશાં કેદાર જાદવની ઉપસ્થિતી રહી હતી. કવિ/કવયિત્રીઓ એ પોતાની આગવી છટામાં તળપદી ઉતર ગુજરાતના લહેકા સાથે, ગુજરાતી તેમજ હિન્દીમાં કાવ્ય પઠન કર્યુ હતું. કવિ/કવયિત્રીઓ તેમજ આમંત્રિત મહેમાનોનું પોતાના ક્ષેત્રમાં યોગદાન બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

# ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી અને ડાયરેકટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ વચ્ચે ઐતિહાસિક એમ.ઓ.યુ.

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર અને ડાયરેકટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ, નવી દિલ્હી વચ્ચે આજરોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિ. વતી ડૉ. જે.એમ. વ્યાસ મહાનિયામક અને ડાયરેકટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ, નવી દિલ્હી વતી પ્રિન્સીપાલ ડાયરેકટર જનરલ-દેવી પ્રસાદ દાસ દ્વારા આ એમ.ઓ.યુ. સાઈન કરવામાં આવેલ છે. આ પ્રસંગે આશીષ વર્મા-એડીશનલ પ્રિન્સીપાલ ડાયરેકટર જનરલ, ડાયરેકટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ નવી દિલ્હી. ડૉ. એસ.ઓ. જુનારે-નિયામક ઈન્સ્ટીટયુટ ઓફ ફોરેન્સિક સાયન્સ, એચ.પી. સંઘવી-અધિક નિયામક ડાયરેકટરોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ, બ્રિગેડીયર ડૉ. કે.કે. ત્રિપાઠી, નિયામક ઈન્સ્ટીટયુટ ઓફ બીહેવીયરલ સાયન્સ, ડૉ. પી.મૈતી-નિયામક ઈન્સ્ટીટયુટ ઓફ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, સી.ડી. જાડેજા, રજીસ્ટ્રાર, આર.એન. ગુણા-નાયબ નિયામક (તાલીમ), ડૉ. દિવ્યેશ ભગત, નાયબ રજીસ્ટ્રાર (પરીક્ષા), જીએફએસુ તેમજ સીનીયર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ એમ.ઓ.યુ.થી ફોરેન્સિક સાયન્સ થકી ગુન્હા શોધન કામગીરીમાં નવા આયાનો સિધ્ધ કરી શકાશે. ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિ.ના મહાનિયામક ડૉ. જે.એમ. વ્યાસે આ પ્રસંગે જણાવ્યું હતું કે જીએફએસયુ દેશ અને દુનિયામાં મોખરાનું સ્થાન ધરાવે છે. દેશની બે મોટી સંસ્થાઓ વચ્ચેના આ ઓમઓયુને કારણે દેશની ક્રીમીનલ જસ્ટીસ ડીલીવરી સીસ્ટમ વધુ સુદ્દઢ થશે અને ફોરેન્સિક સાયન્સના ક્ષેત્રના જ્ઞાનનો મહત્તમ ઉપયોગ ગુન્હાની તપાસમાં થઈ શકશે.




વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ એમઓયુ અંતર્ગત ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિ. ડીઆરઆઈની સાયબર લેબ સ્થાપવા તેમજ તેને અપગ્રેડ કરવામાં પણ જરુરી મદદ પુરી પાડશે.

# સે-૧૩ માંથી જુગાર રમતા શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ બી શોપીંગ સેન્ટર પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં બાંકડા પર બેસીને પાના-પત્તા પર હારજીતનો જુગાર રમતા ત્રણ જુગારીઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. પોલીસે ઘટના સ્થળેથી રૂ. ૬,૪૬૦ રોકડા અને ત્રણ મોબાઈલ મળી કુલ રૂ.૧૦,૯૬૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જુગાર રમતા પકડાયેલા જુગારીઓમાં નિરવ કેશવભાઈ લેઉવા રહે. સે-૩ બી પ્લોટ નં.૩૬૫-૨, તેમજ જીતેશ બાબુભાઈ પટેલ રહે.સેકટર-૧૩ બ્લોક નંબર.૭૪-૫ બી ટાઈપ, અને સેકટર-૫ સી પ્લોટ નં.૧૬૬૧-૧ માં રેહતા જયેન્દ્ર નટવરભાઈ પટેલનો સમાવેશ થાય છે. બનાવ અંગે પોલીસે ત્રણેય ઈસમો સામે જુગારધારા હેઠળ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ત્યારે બીજી તરફ ગાંધીનગર તાલુકાના ગલુદણ ગામેથી બે જુગારીઓ પોલીસના હાથે ઝડપાયા છે. આ જુગારીઓમાં વિરમગામના શંકરમુખીની ચાલીમાં રહેતા રાજુ ગાંડાભાઈ દેવીપુજક અને સામાસુર્યમાં રહેતા માંગા પ્રતાપભાઈ ઠાકોરને પકડી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧૧,૨૪૦ રોકડા અને રૂ.૫૦૦ ની કિંમતનો મોબાઈલ જપ્ત કરીને બંને શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનોં નોંધીને વધુ તપાસ આદરી છે.




જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલમાં વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિવિધ પ્રવૃત્તિ માટે વિદ્યાર્થીઓને મેડલ, ટ્રોફી વગેરે ઈનામો આપવામાં આવ્યા હતા. સંસ્થાના મંત્રી લલ્લુભાઈ દેસાઈ, ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. વાર્ષિકોત્સવનું આયોજન સંચાલકો જગતભાઈ, મહેન્દ્રભાઈ પ્રકાશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. વાલીગણ, વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રોએ ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ ભજવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સિવિલમાં ઈન્ટરનેટ બંધ થતા ટોકન સિસ્ટમ ખોરવાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છાશવારે ઈન્ટરનેટ સેવા ખોરવાઈ જવાના બનાવ બને છે. જેને પગલે દર્દીઓને હેરાન પરેશાન થવાનો વારો આવે છે. તંત્ર દ્વારા તમામ વિભાગને ઈન્ટરનેટ દ્વારા કનેકટ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ઈન્ટરનેટ બંધ થઈ જતા કર્મચારીઓ સહિત દર્દીઓને પણ ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. આજે સિવિલ હોસ્પિટલમાં સવારના સમયે દર્દીઓને કેસ માટે ટોકન આપવામાં આવે છે અને ત્યારબાદ દર્દીઓના કેસ નીકાળવામાં આવે છે. પરંતુ આજે ઈન્ટરનેટ સેવા બંધ થતા કેસ માટે દર્દીઓની લાંબી કતારો સર્જાઈ હતી. જેથી તંત્રએ તાત્કાલીક ત્રણ થી વધુ કર્મચારીઓ કેસ બારી પર ગોઠવી દીધા હતા અને દર્દીઓને તાત્કાલીક અસરથી કેસ કાઢી આપવામાં આવ્યા હતા. એક તબક્કે લાંબી કતારો દર્દીઓની સર્જાતા કર્મચારીઓ અને દર્દીઓ વચ્ચે વાતાવરણ ઉગ્ર બની જવા પામ્યું હતું. ઈન્ટરનેટ સેવા ખોરવાતા કેસ કોમ્પ્યુટરના સ્થાને હાથે લખીને આપવા પડ્યા હતા. જેથી ઓપીડી અને દવા લેવા માટે પણ દર્દીઓની લાઈન જોવા મળી હતી. જયારે વારંવાર ઈન્ટરનેટ સેવા ખોરવાતા તંત્ર અને કર્મચારીઓ ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે.



ભગવાન ગણેશની પુજા કરવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ તો આવે જ છે પણ કરેક કાર્યમાં આવતા વિઘ્નો પણ દૂર થાય છે માટે તેમને વિઘ્નહર્તા પણ કહે છે. સે-૨૧ સ્થિત સિધ્ધિ વિનાયક મંદિર ખાતે પ્રથમ પાટોત્સવ યોજાયો હતો. જેમાં ગણેશ યાગનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશ યાગ એ ગણેશ ઉપાસનાનો જ એક ભાગ છે જે કરવાથી તમે દરેક વિઘ્નો તથા આપત્તિઓથી મુકત થાઓ છો. આ ગણેશ યાગમાં ભાવિક ભકતો ઉત્સાહભેર જોડાયા હતા.

# આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા ફેશન શૉ યોજાયો



ગાંધીનગર, તા.૨૫

આઈએનઆઈએફડી ગાંધીનગર ખાતે દર વર્ષે વિદ્યાર્થીઓ દ્વારા ફેશન શો નું આયોજન કરવામાં આવે છે અને જુદી જુદી ડિઝાઈન પર ગારમેન્ટ બનાવી રેમ્પ વોક કરવામાં આવતું હોય છે. જેના માટે વિદ્યાર્થીઓ ૩ મહિનાથી વધારે મેહનત કરતા હોય છે. જેનાથી તેમનું કાર્ય સ્ટેજ પર આવે ત્યારે તે લોકો ને ગમે અને લોકો તેની પ્રશંસા કરે.

ઈન્સ્ટિટ્યૂટના ૬૩ વિદ્યાર્થીઓએ ૧૦થી વધુ થીમ પર ફેશન શો નું આયોજન કર્યુ હતું. જેમાં ૧૧૦ થી વધુ ગાર્મેન્ટ્સનો સમાવેશ થયો હતો. જે કોઈપણ ડિઝાઈન ઈન્સ્ટિટ્યૂટ માટે ગર્વ ની વાત હોય છે. આ ફેશન શોમાં ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓની સાથે સાથે ડિઝાઈન ગાર્મેન્ટ્સ પર ૯૦ થી વધારે કિડ્સ મોડેલ્સ એ રેમ્પવોક કર્યુ હતું અને હાજર તમામના મન મોહી લીધા હતા.

## આજે ગોવર્ધનનાથજીની હવેલી ખાતે પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

આજે શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીનો ૨૭મો પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે. જે અંતર્ગત મંગળા સવારે ૮ થી ૮.૩૦, નંદમહોત્સવ (શૃંગારમાં) સવારે ૧૦.૦૦ થી ૧૦.૩૦, રાજભોગ બપોરે ૧૨.૦૦ થી ૧૨.૩૦, ઉત્થાપન ભીતરમાં, સંધ્યા આરતી, ૪.૩૦ થી ૫.૦૦ અને શયન આરતીના દર્શન ૬.૦૦ થી ૬.૩૦ કલાક દરમિયાન યોજાશે તેમ ઉપપ્રમુખ આર.જે. ગાંધીએ જણાવ્યું છે.

## પેન્શનર્સ સમાજ સેકટર-૨ની બુધવારે બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેકટર-૨માં નિવાસ કરતા પેન્શનર્સ મિત્રોની બેઠક તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ બુધવારે ૪.૩૦ કલાકે કાન્તિભાઈ મોદી, પ્લોટ નં. ૧૪૩૫/ડી-૧, સેકટર-૨-બી, નવા શોપીંગ સેન્ટર પાસે યોજાશે. તો પેન્શનર્સ મિત્રોને હાજર રહેવા કાર્યવાહક સમિતિ વતી નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

## શિવરાત્રિ નિમિત્તે લઘુરૂદ્ર યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિરે, સેકટર-૮ ખાતે મહા શિવરાત્રિ પર્વ નિમિત્તે હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ તા. ૪ ફેબ્રુઆરીના રોજ સવારે ૯ કલાકથી યોજાશે. જેમાં શ્રીફળ હોમ વિધી સાંજે ૫ કલાકે અને મહાઆરતી ૫.૧૫ કલાકે યોજાશે. સંસ્થાના પ્રમુખ રાવજીભાઈ પટેલ અને વ્યવસ્થાપક સમિતિ દ્વારા ભાવિકોને આ કાર્યક્રમમાં ભાગ લેવા જણાવાયું છે.

## અસરગ્રસ્ત ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ માટે બેઠક મળી

રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ દ્વારા તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. આ સદર બેઠકમાં ગાંધીનગર જિલ્લાના ૧૪ ગામોના અસરગ્રસ્ત ખેડૂતો તથા કિસાન વિકાસ મંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યો, પ્રમુખ લાલભાઈ પટેલ સાથે ગામના અગ્રણી હાજર રહ્યા હતા. બેઠકમાં ખેડૂતોના બાકી પ્રશ્નો, સરકારના લાભોથી વંચિત દુકાન, પ્લોટ, નોકરી, વળતર, ખેડાણ માટે જમીન વગેરે બાકી પડતર પ્રશ્નોની ઉગ્ર ચર્ચા કરી સરકારમા મુખ્યમંત્રીના તમામ પ્રશ્નોનું આવેદન પત્ર આપી ૧૫ દિવસમાં જો ચર્ચાનો નિકાલ ન આવે તો જમીન ગુમાવનાર દરેક ગામના પાંચ પાંચ પ્રતિનિધિઓએ ઉપવાસ આંદોલન શરુ કરવું તેમજ સરકારનો વિરોધ મુખ્યમંત્રીના નિવાસસ્થાને કરવો તથા આગામી લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરી ૧૪ ગામોમાં પ્રવેશબંધી કરવી અને જરુર પડયે ગાંધીનગર શહેરમાં ફાજલ જમીનનો કબજો સ્વયંભૂ લઈ ખેડાણ ચાલુ કરવું અને આ અંગે નામદાર કોર્ટનુ માર્ગદર્શન લઈ આગળ વધવું તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું તેવું સંસ્થાના પ્રમુખ લાલભાઈ પટેલ દ્વારા જણાવાયું હતું.

## ચિરવિદાય

- સ્વ. બાબુજી રણછોડજી ઠાકોર, ઉ.વ. ૫૩
- સ્વ. દાનાજી ચેલાજી મકવાણા, ઉ.વ. ૭૦
- સ્વ. દંતાણી બાજુભાઈ ઓખાભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. ગાંડાજી રવજીજી ઠાકોર, ઉ.વ. ૫૦
- સ્વ. રમેશભાઈ શકરાલાલ વ્યાસ, ઉ.વ. ૭૧
- સ્વ. રમેશભાઈ લાલદાસ પટેલ, ઉ.વ. ૭૩
- સ્વ. મહેશભાઈ મોહનભાઈ રાઠોડ, ઉ.વ. ૩૬